
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૧૪, ૧૯૭૧: આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

આ તારીખે બનેલી ઘટનાઓને આલેખીએ તે પહેલાં ભૂલસ્વીકાર: ત્રણેક હપ્તા પહેલાં ઢાકા ખાતેના ગર્વનર હાઉસ પર ભારતીય વાયુસેનાએ બોમ્બમારો અને રોકેટમારો ચલાવ્યાનું જણાવેલું, પણ હકીકતે એ પરાક્રમ તેમણે ડિસેમ્બર ૧૪, ૧૯૭૧ના રોજ કર્યુ. (અગાઉ કરેલો ઉલ્લેખ માત્ર ઉપરછલ્લો રહ્યો.) બીજી હકીકત એ કે હુમલો અત્યંત તરખાટભર્યો અને સનસનીખેજ હતો, જેણે પાકિસ્તાનીઓના હાંજા ગગડાવી નાખ્યા હતા.

બનાવનો આરંભ એ વખતે થયો કે જ્યારે ભારતના કોડ બ્રેકર્સે પૂર્વ પાકિસ્તાન (બાંગલાદેશ) ખાતેના પાક ગર્વનર અબ્દુલ મોતાલેબ મલિકે સિનિયર લશ્કરી અફસરોને તેમજ સરકારી અમલદારોને પાઠવેલો કોડેડ સંદેશો ભારતના 17 Wireless Experimental Unit નામના જાસૂસી કેન્દ્રએ decode / ડિકોડ કરી નાખ્યો--એટલે કે તેનું કોડબ્રેકિંગ કરી નાખ્યું. આ ગુપ્તચર કેન્દ્રના હવાલદાર બિપીન ત્રિવેદીએ મેસેજ વાંચ્યો કે તરત લેફ્ટનન્ટ-કર્નલ ભલ્લાની ઑફિસ તરફ દોટ મૂકી અને સંદેશો તેમને આપ્યો. બીજી ક્ષણે ભલ્લાને ઉત્તેજનાનો ચેપ લાગ્યો.

ગર્વનર અબ્દુલ મલિકે ઢાકા ખાતેના બધા વરિષ્ટ લશ્કરી અફસરોને તથા સરકારી અમલદારોને બીજે દિવસે એટલે કે ડિસેમ્બર ૧૪, ૧૯૭૧ના રોજ બપોરે 12:00 વાગ્યે Circuit House પર હાજર થવા આદેશ ફરમાવ્યો હતો. મિટિંગમાં ભાગ લેવા જેમને ફરમાન મોકલાયું તેમાં પૂર્વ પાકિસ્તાન ખાતેના આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી, મેજર-જનરલ ફરમાન અલી, ગર્વનરનો લશ્કરી સલાહકાર, નિયાઝીના હાથ નીચેના અમુક સ્ટાફસભ્યો તથા વહીવટીતંત્રમાં મહત્ત્વનો હોદ્દો ધરાવતા સરકારી ટોચના અમલદારોનો સમાવેશ થતો હતો. ટૂંકમાં, લશ્કરી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમના બધા જ સભ્યો ઢાકામાં સર્કીટ હાઉસ પર એકત્રિત થવાના હતા.

ફરમાન અલી પાકિસ્તાનમાં મેજર-જનરલ હતા અને બંગાળી મુસ્લિમ બુદ્ધિજીવીઓનો ખાત્મો કરવાનું ફરમાન તેમણે કાઢ્યું હતું.





ઑગસ્ટ ૩૧, ૧૯૭૧ના રોજ પૂર્વ પાકિસ્તાનના ગવર્નર બનેલા અબ્દુલ મોતાલેબ મલિક ભારતીય વિમાનોના હુમલામાં બચ્યા, પણ અંતે યુદ્ધગુનાઓ બદલ જન્મટીપની સજા પામ્યા

લેફ્ટનન્ટ-કર્નલ ભલ્લા યુદ્ધ વખતે Signals Intelligence નો ચાર્જ સંભાળતા હતા. ગુપ્ત સંદેશો વાંચ્યો કે તરત જીપગાડી હંકારીને તેઓ ઈસ્ટર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ જે. એફ. આર. જેકબના હેડ્ક્વાર્ટસે પહોંચ્યા. તારીખ ૧૪ ડિસેમ્બર હતી અને સમય મોડી સવારના 9:30 વાગ્યાનો હતો. જેકબે ગર્વનરના મેસેજમાં ચોવીસ કેરેટની સોનેરી તક દીઠી. ઍર-માર્શલ દાવેશ્વરને તરત ફોન કર્યો. દાવેશ્વર ઈસ્ટર્ન ઍર કમાન્ડના નાયબ વાયુસેનાપતિ હતા. જેમનું હેડ્ક્વાર્ટસ મેઘાલયના શિલોંગમાં હતું. હવાઇ યુદ્ધોના અનુભવી તેમજ અભ્યાસી દાવેશ્વરને Air Warfareના માસ્ટરમાઈન્ડ જહોન વૉર્ડનના 'Inside Out Attack' શબ્દો યાદ આવ્યા, જે આમ તો તેમના આરસની તકતી જેવા સ્મૃતિપટ પર કોતરાયેલા હતા. વૉર્ડનની થિયરી એ કે સૈન્ય તેના શત્રુએ રચેલા અનેક ચક્રવ્યૂહોને એક પછી એક કરીને ભેદી આગળ વધે તેમાં ખાસ્સો સમય વીતે અને ખુવારી પણ ઘણી થાય, એટલે તેને બદલે સાતમા કોઠા જેવા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનો પરબારો નાશ કરવો જોઈએ. એકવાર તે મગજના ફૂરચા નીકળી જાય એટલે પછી દિશાસૂચન અને દોરવણી વગરના થયેલા દુશ્મન સૈનિકો નિશ્ચિત વ્યૂહરચનાના અભાવે લડી શકે નહિ.

જહોન વૉર્ડને 'Inside Out Attack' શબ્દપ્રયોગ દ્વારા

એકદમ બુદ્ધિગમ્ય વાત કહી નાખી હતી. મગજ નહિ તો જ્ઞાનતંત્ર નહિ અને જ્ઞાનતંત્ર નહિ તો લશ્કરી આદેશોના સંદેશાઓનું લેફ્ટનન્ટ-જનરલ તથા મેજર-જનરલ જેવા સિનિયર અફસરોથી શરૂ કરીને છેક નીચેના સ્તરે પલટણો સુધી આદેશોનું ટ્રાન્સમિશન જ થાય નહિ. મગજનો નાશ દુશ્મનના આખા સૈન્યને પક્ષાઘાત લાગુ પાડી દે. જહોન વૉર્ડને એમ પણ સૂચવ્યું કે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ તરીકે ઓળખાતા મગજને ખતમ કરવા માટે શ્રેષ્ઠ આયુદ્ધો ફાઈટર્સ અને બોમ્બર્સ હતાં.

ઍર-વાઈસ માર્શલ દાવેશ્વરે ઢાકાસ્થિત ગર્વનરના નિવાસસ્થાનને હવાઇ ઍટેકનું નિશાન બનાવવાનું તરત નક્કી કરી નાખ્યું. નિવાસસ્થાન પર ૧૪ ડિસેમ્બરે ટોચના અમલદારો-અફસરો ભેગા થતા હોવાની બાતમી બાંગલાદેશની સ્વતંત્રતા માટે લડી રહેલી મુક્તિવાહિનીના ખબરીઓ પણ મેળવી ચૂકેલા અને તેમણે એ માહિતી રામનાથ કાઓના વહિવટ નીચેની ભારતીય ગુપ્તચર સંસ્થા Research and Analysis Wing / RAW ને પૂરી પાડી હતી. કાઓ ત્યાર પછી ઇન્દિરા ગાંધીને મળ્યા અને તેમના કાને વાત નાખી. વડા પ્રધાનની મંજૂરી લેવાનું જરૂરી હતું, કારણ કે હવાઇ હુમલો પૂર્વ પાકિસ્તાનના લશ્કરી મથકને બદલે ગર્વનરના રહેઠાણ પર કરવાનો હતો અને ગર્વનર લશ્કરીને બદલે રાજદ્વારી હોદ્દેદાર હતા. હવાઇ ઍટેકનું જો કે રાજદ્વારી કરતાં વધુ તો લશ્કરી મહત્ત્વ હતું, એટલે વડા પ્રધાને તરત ઍર-વાઇસ માર્શલ પી. સી. લાલને હુમલાનું આયોજન કરવા જણાવ્યું.


*ઢાકા ખાતેનું Government House, જે પૂર્વ પાકિસ્તાનના ગર્વનરનું નિવાસસ્થાન (અને ભારતનાં ચાર MiG-21 નું નિશાન) હતું.*

■

ભારતીય વાયુસેનાની ગુપ્તચર બ્રાંચના ગ્રૂપ કેપ્ટન વૉલેન / Wollen ને જેઓ વાયુસેનાપતિ પી. સી. લાલનો મેસેજ પ્રાપ્ત થયો કે તરત સ્ક્વોર્ડન નંબર 28 ના ઑપરેશન્સ રૂમમાં પહોંચ્યા અને ત્યાં સ્ક્વોર્ડનના તમામ ભારતીય પાઇલટોને તાબડતોબ હાજર કરાવ્યા. ભારતનું તે પહેલુંવહેલું સુપરસોનિક સ્ક્વોર્ડન હતું, કેમ કે બધાં પ્લેન ફાઇટર-ઇન્ટરસેપ્ટર MiG-21 હતાં. ગ્રૂપ કેપ્ટનની પણ ઉત્તેજનાનો પાર ન હતો. પાઇલટોને માહિતી આપી કે પાકિસ્તાની ગર્વનર અબ્દુલ મોતલેબ મલિકે ટોચના બધા VVIP ની મિટિંગ બોલાવી હતી અને મિટિંગ ચાલતી હોય એ વખતે જ સુપરસોનિક MiG-21 વડે તે આલિશાન મકાન પર હુમલો કરવાનો હતો. વિંગ કમાન્ડર બિશ્નોઇએ એ પૂછયું: ‘મિટિંગ કેટલા વાગ્યે છે?’

‘મને જણાવાયું તે મુજબ 11:00 વાગ્યે શરૂ થનાર છે.’

વિંગ-કમાન્ડરે પોતાની કાંડા ઘડિયાળ સામે જોયું અને જરાક ચોંક્યા. ઢાકા સુધીનું અંતર કાપવામાં 21 મિનિટ નીકળી જાય એમ હતી. આ તો માત્ર ફ્લાઈંગ ટાઈમ હતો. બાકી ટુકડીબંધ MiG-21 ટેક-ઑફ કરે તે પહેલાં મુખ્ય કામ તેમને શસ્ત્રો વડે સજ્જ કરવાનું હતું. હવે જવાબદારી વિંગ-કમાન્ડર બિશ્નોઇના શિરે રહેવાની હતી, એટલે ચીફ-ઑપરેટિંગ ઑફિસરને તેમણે ફોન કર્યો. જવાબ મળ્યો કે માત્ર ચાર MiG-21 પૂરતાં છે, એટલે તે દરેક ને 32 High Explosive / HE રૉકેટો વડે સજ્જ કરી દો. વિમાનોની પાંખો નીચે બોમ્બ લટકાવવા કરતાં ખાલી નાળચામાં રૉકેટો ભરી દેવામાં ઓછો સમય વીતે તેમ હતો. આ કામ થોડી જ મિનિટોમાં આટોપી લેવામાં આવ્યું.

‘ઢાકામાં સર્કીટ હાઉસ છે ક્યાં?’ વિંગ-કમાન્ડર બિશ્નોઇએ ગ્રૂપ-કેપ્ટન વૉલેનને પૂછયું. વૉલેને તરત ટુરીસ્ટ મેપ ખોલ્યો અને તેમા સર્કીટ હાઉસ ચીંધી બતાવ્યું.

■

આ કાર્યવાહી પત્યા બાદ મિનિટોને બદલે સેકન્ડો ગણાવા લાગી. વિંગ-કમાન્ડર બિશ્નોઇએ પોતાના ત્રણ પાઇલટોને જરૂરી સૂચનાઓ આપી. એક પાઇલટ ફ્લાઇટ-લેફ્ટનન્ટ વિનોદ ભાટિયા હતા, બીજા ફ્લાઇટ-લેફ્ટનન્ટ રાઘવાચારી અને ત્રીજા ફ્લાઇટ-લેફ્ટનન્ટ મલ્લહી હતા.

પળેપળની કિંમત જાણતા ગ્રાઉન્ડસ્ટાફના સભ્યોએ દરેક MiG-21 પ્લેનને 32 HE રૉકેટો વડે સશસ્ત્ર કરી દીધું. મિશન હાથ ધરવા MiG-21 એટલા માટે પસંદ કરાયાં કે તે સુપરસોનિક વિમાનોનો પ્રવાસવેગ કલાકના ૨,૨૦૦ કિલોમીટર હતો, તેથી મિનિમમ સમયમાં તેઓ લક્ષ્ય સુધી પહોંચી શકે તેમ હતા. વિંગ-કમાન્ડર બિશ્નોઇએ હજી તો કોકપિટનું પારદર્શક છત્ર બંધ નહોતું કર્યુ. એવામાં યુવાન ઑફિસર દોડતો આવ્યો, નિસરણી પર ચડ્યો અને બિશ્નોઇના



પ્રગટ થઈ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.

હાથમાં નીચે મુજબના લખાણનું કાર્ડ મૂક્યું:

'Target not Circuit House but Government House--repeat Government House.'

'Shit!' બિશ્નોઇએ તળપદો, છતાં અરુચિકર શબ્દ ઉચ્ચાર્યો. ઢાકાનો ટુરિસ્ટ મેપ તેમણે સાથે જ રાખ્યો હતો. ફરી વખત ખોલ્યો અને Government Houseનું સ્થાન શોધી કાઢ્યું. સ્થાન પીનપોઇન્ટ થયા પછી મૂંઝવણ જાગી. બાકીનાં ત્રણ પ્લેનમાં રહેલા સાથી પાઇલટોને જણાવવું શી રીતે કે હવે લક્ષ્યાંક Circuit House ને બદલે Government House હતું? માત્ર રેડિયો કમ્યૂનિકેશન દ્વારા જાણ કરી શકાય તેમ હતી, પણ બિશ્નોઇએ એમ કરવાનું માંડી વાળ્યું. વિમાનો ભલે એકમેકની નજીક હતાં, પરંતુ આસપાસની ગમે તે વ્યક્તિ વાયરલેસ પ્રસારણ ઝીલી શકે તેમ હતી. શત્રુ સુધી તે વાત પહોંચી જાય એ પણ શક્ય હતું. આથી જ્યારે MiG-21 ઢાકાના આકાશમાં પહોંચે ત્યારે જ ત્રણ સાથી પાઇલટોને માહિતી આપવાનું તેમને નક્કી કર્યું. હવે સમય બગાડવાનું પોસાય તેમ ન હતું. બિશ્નોઇએ પોતાના MiG-21 નું તુમાન્સ્કી પ્રકારનું જૅટ એન્જિન ચાલુ કર્યું, પ્લેનને રન-વેના છેડે પહોંચાડ્યું અને કલાકના ૨૦૦ કિલોમીટરની ઝડપે દોટ મૂકાવી હવા પર સવાર કરી દીધું. ત્રણ સાથીદારોનાં MiG-21 પણ તેમની પાછળ આકાશમાં ચડ્યાં.

બરાબર 21 મિનિટ પછી ચારેય હુમલાબાજ ઢાકાના આકાશી ક્ષેત્રમાં પહોંચ્યાં, સર્કલ લગાવાનું શરૂ કર્યું અને ટુરીસ્ટ મેપમાં જોયેલા ચિત્ર મુજબ બિશ્નોઇએ આલિશાન Government House ને ઓળખી કાઢ્યું. વિનોદ ભાટિયા, રાઘવાચારી તથા મલ્લહી એમ ત્રણ સાથી પાઇલટોને તે વખતે તેમણે વાકેફ કર્યા કે લક્ષ્ય હવે Circuit House નહિ, પણ Government House હતું.

*આ ફોટોગ્રાફ MiG-21 ના rocket pod નો એટલે કે જેમાં સેલ્ફ-પ્રોપેલ્ડ રોકેટો ગોઠવવામાં આવે તે નાળચાંનો છે.*





*ભારતીય હવાઈ આક્રમણે આલિશાન મકાનની સૂરત બગાડી નાખી. આ પ્રહારે ગગનવિહારી જનરલ નિયાઝીને ground reality / જમીની વાસ્તવિક્તા પર લાવી દીધા.*

ઊંચાઇ ઘટાડીને સુપર જૅટ 500 મીટરના સ્તરે આવ્યાં. મિનિટો અગાઉ તે ભવ્ય મકાનના પ્રાગણમાં લશ્કરી બેન્ડ પાકિસ્તાનનું રાષ્ટ્રગીત વગાડી ચૂક્યું હતું. ગર્વનર મલિકસાહેબ તેમની બેગમ સાથે આમંત્રિતોની રાહ જોતા હતા. સૌ પહેલા જનરલ નિયાઝીએ પ્રવેશ કર્યો. મલિકે તેમની સામે જોયું અને બોલ્યા: 'જનાબ, કયામત આ ગઇ હૈ.' મલિકને જાગેલી માયૂસી સકારણ હતી. સવારે તેમણે ઢાકા ખાતેના અમેરિકી નાયબ રાજદૂત પોલ માર્ક સાથે લાંબો વાર્તાલાપ કરી યુદ્ધવિરામ માટે સહાયભૂત થવા અરજ કરી હતી. પોલ માર્કે ગર્વનરસાહેબનો મેસેજ પહેલાં અમેરિકાને પહોંચાડ્યો, જ્યાંથી તે ઇસ્લામાબાદ પહોંચ્યો અને ત્યાં બાર ખાંડીના મિજાજવાળા જનરલ યાહ્યા ખાને તે પ્રસ્તાવનો ઇન્કાર કરી નાખ્યો. મલિકે નિયાઝીને પૂછ્યું કે યાહ્યા ખાન શા માટે ના પાડી રહ્યા હતા? નિયાઝીએ જવાબ આપ્યો: 'ઉનકો હાલાત કા પતા નહીં.' મલિકે છેવટે કહી નાખ્યું: 'જનાબ, ઉન્હે વ્હિસ્કી પીને સે ફૂર્સત મિલે તબના!'

MiG-21 વિમાનો 3,000 મીટર જેટલાં નીચે આવ્યાં, મોરો Government House તરફ વાળ્યો અને પછી અત્યંત વિસ્ફોટક રોકેટો દાગ્યાં, જેમની કુલ સંખ્યા 128 હતી. વિશાળ ફેલાવો ધરાવતા આલિશાન મકાનમાં ધડાકા પર ધડાકા થયા અને તબાહીનો પાર ન રહ્યો. નિયાઝીનું અને ઘણા ખરા અફસરો-અમલદારોનું તકદીર સારું કે તેઓ મર્યા નહિ. માત્ર જખમી બન્યા.

હવે કમ સે કમ લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી સમજી ચૂક્યા કે જો વહેલી તકે યુદ્ધવિરામ ન થાય તો પછી ભારતીય લશ્કર તો ઠીક, મુક્તિ વાહિનીના બંગાળી મુસ્લિમો પાક સૈનિકોને વીણી વીણીને મારી નાખવાના હતા.●